# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૨૨

## ત્રીજો સૂર, પણ ભારતીય કવિતાનો : નીલમણિ ફૂકન, પુ. શિ. રેગે, શંખો ઘોષ અને કેશવ મલિકની કવિતામાં

*

હવેના થોડાક લેખોમાં સાંપ્રત ભારતીય કવિતાના એક વિરલ સૂરને સાધતી, પોતપોતાની રીતે એ સૂર લગાડતી કેટલીક કૃતિઓની વાત માંડવી છે. મરાઠી કવિ પુ. શિ. રેગે, બંગાળી કવિ શંખો ઘોષ, ભારતીય-આંગ્લ કવિ કેશવ મલિક અને આ લેખ જેમને વિશે છે એ અસમિયા કવિ નીલમણિ ફૂકનની વિરલ-સુંદર કાવ્યરચનાઓની વાત આ અને આ પછીના કેટલાક લેખોમાં કરવી છે.

કેવળ યૌવનસુલભ ભાવોની નાજુક-ઉત્કટ અભિવ્યક્તિ કરતી કવિતા કોને ન ગમે? પણ એવી મંજુલ-સ્વર ગીત-ગઝલ-કન્યકાઓની કેડે રમ્ય અનુભૂતિની નાનકડી ગાગરો શોભે, વધારે 'વજનદાર' અનુભવો ત્યાં ન મુકાય. (ક્યારેક વિચાર આવે કે સુકવિ કલાપી જો લાંબું જીવ્યા હોત પોતાના પાંચમા, સાતમા દાયકામાં એ કેવી રચનાઓ કરત? કેટલાક 'કવિબંધુ કલાપીઓ' શરીરે સાઠ-સિત્તેર વરસના થયા છતાં કવિવયે વીસ-પચીસના રહી જાય છે!) સામે છેડે, સામાજિક અન્યાયો સામે ઝઝૂમતી પ્રતિબદ્ધ કવિતા હમેશાં સમયપ્રજ્ઞ, બલ્કે ઇતિહાસપ્રજ્ઞ અને કાવ્યપુખ્ત રહી શકે છે. પણ પ્રતિબદ્ધ કવિતાની કાવ્યબાની જ્યાં વિધાનો, ચિત્કારો, સૂત્રો-સ્લોગનોના ઊંચકાયેલા અવાજે વાત કરતી હોય, ત્યાં એ કાવ્યબાનીમાં સચોટ અભિધા કામ આવે, વિલંબનપટુ વ્યંજના નહીં. કાવ્યાર્થ અભિધાનો જ 'દીર્ઘ દીર્ઘતર વ્યાપાર' છે, એવા ધ્વનિ-વિરોધી કાવ્ય-વિચારની નોંધ સ્વયં 'ધ્વન્યાલોક-લોચન'માં લેવાઈ છે. ગીતના મંજુલ સ્વર અને પ્રતિબદ્ધ કવિતાના ઊંચકાયેલા અવાજ વચ્ચે, બલ્કે એ બેથી અલગ એવો કવિતાનો 'ત્રીજો સૂર' જે રેગે આદિમાં સંભળાય છે, એને ટી. એસ. એલિયટે ચીંધેલા 'થર્ડ વૉઇસ ઑફ પોએટ્રી' એટલે કે 'ડ્રામૅટિક વૉઇસ' સાથે પૂરો સમરૂપ ગણવાની ભૂલ ન થાય. મલિક, ઘોષ, રેગે, ફૂકન, એકેની કવિતા સચેત ભાવકને એવી ભૂલ કરવા નહીં દે. આવા, આજની ભારતીય કવિતાના આ 'ત્રીજા સૂર'ની મીમાંસા કર્યા વિના આપણી આજની ભારતીય

કવિતા અંગેની સમજણ અધૂરી રહે.

*

પણ આવી આવી વાતોથી શું વળે, કેમ? તો વાચક, નીલમણિ ફૂકનની આ રચનાનો (નંબર પાડ્યા વગરનો) સૂર તારો પોતાનો કાન માંડીને સાંભળઃ

***એકાકી / નીલમણિ ફૂકન***

**એમાંનાં દરેક ડૂબનારાંએ કદાચ કર્યો હશે**
**પોતપોતાનો ચિત્કાર**
**લંબાવેલા હાથ હલાવી હલાવીને દરેકે મને બોલાવ્યો હશે**
**-- પાણીની સપાટી નીચેથી.**

**વેગીલા પવનોમાં વૃક્ષો ઝાઝું ઝૂક્યાં હતાં**
**શકે, એ સહુ એ પાણીની સપાટી પર ઊલટસૂલટ થતાં હોય પોતે.**

**પછી, નદીનાં ઊંડાણોમાંથી**
**એક કૂવાથંભ, કોક ડૂબેલા વહાણનો,**
**જળની સપાટી ભેદી ઊંચો આવ્યો.**

**હવે મારી આંખો સામે છે**
**ઘણાં બધાં દોરડાંઓમાં ગૂંચવાયેલો આ થાંભલો.**

**ટટર મસ્તકે ઊભેલો,**
**જાણે, કોક એકાકી જણ...**

(અનુ. સિ.) (કૃષ્ણ દુલાલ બરુઆના અંગ્રેજી અનુવાદ પરથી, કવિ સાથે ફોન પર વાત કરી કેટલીક ચોકસાઈ લીધા પછી.)

પ્રચંડ બ્રહ્મપુત્ર નદના અણથંભ પ્રવાહમાં ડૂબેલા કોક દેશી વહાણની કરુણાંતિકાને આલેખતો આ અસમિયા કવિનો સ્વર સાંભળ્યો? એક ઉત્તમ સમકાલીન ભારતીય કવિનો અવાજ? એની ઊંડી વ્યથા, એની અસહાયતા, એનું અવાજ વિનાનું રુદન? એ છે આપણી આજની કવિતાનો ત્રીજો સૂર. અને દેશની પ્રજાના મોટા ભાગનો પહેલો, અવાજ વિનાનો બનાવાયેલો અવાજ.

એ જ છે અસમિયા વાસ્તવ – સચોટ અભિધા વડે આલેખાયેલું વાસ્તવ નહીં, પણ માત્ર એક કૂવાથંભના કલ્પન વડે વ્યક્ત થતું વાસ્તવ. ડૂબેલા વહાણના મુસાફરોના, સ્ત્રી-પુરુષ-બાળકોના મદદ માટેના છેલ્લા પોકારો (એ મુસાફરો જેટલી જ અસહાયતાથી) સાંભળ્યા પછી છવાયેલી અસહ્ય ચૂપકીદીમાં કવિએ કાન માંડી સાંભળેલો પ્રજાનો અવાજ. એ રીતે ચુપચાપ ઊંચકાતો એ જ ડૂબેલા વહાણનો આખરી વાર ઊંચકાતો કૂવાથંભ જોવો, એ કાંઈ જે તે કામ નથી, અસામાન્ય કવિકર્મ છે. એક ‘સ્ટાર્ક’ કલ્પન ! એઝરા પાઉણ્ડ એટલે જ કહેતા કે કવિ જીવનમાં એક જ અવિસ્મરણીય કલ્પન પોતાની કવિતામાં રચી જાય, એ પૂરતું છે. બ્રહ્મપુત્રાને તટે વસતો આ સદય-નિર્દય કવિ ડૂબેલા વહાણના થોડી પળો નદીનાં પાણીની ઉપર આખરી દેખા દેતા કૂવાથંભનું કલ્પન આલેખે છે ત્યારે

એ થાંભલાની આરપાર (હવે) ગૂચવાયેલાં દોરડાંને પણ જોવાનું બતાવવાનું ચૂકતા નથી, એની નોંધ લઈએ. જાણે આકાશના હાથમાંથી લટકતો ફાંસીનો ફંદો.

આ એક કલ્પન જોયા પછી હવે વિવેચન શું કરવું? ‘આસ્વાદ’ શબ્દનો કારમો અર્થ પણ, વાચક, તારી જીભ પર રવરવતો હશે.

*

નીલમણિ ફૂકનનો જન્મ ૧૯૩૩માં આસામના ગોલાઘાટ જિલ્લાના રળિયામણા દેરગાંવ ગામમાં. ગુવાહાટીની આર્ય વિદ્યાપીઠ કૉલેજમાં એમણે સળંગ, ક્યાંય ખસ્યા વિના, અધ્યાપન કર્યું. ગુવાહાટીની એક નાનકડી ટેકરી ઉપર એમનો સુંદર બંગલો જે છે, ત્યાં કવિને મારે ઘણી વાર મળવાનું થયું છે — શાંત પ્રસન્ન વ્યક્તિત્વ, ઊંડાં મૂળ નાખેલો ઉત્તુંગ વૃક્ષરાજ. દૃઢ પણ નમનીય. આદરણીય, સ્નેહાળ મિત્ર.

થોડોક ઇતિહાસ જોઈએ: અસમિયા સાહિત્યમાં નીલમણિ ફૂકન નામ બે કવિઓનું છે. પુરોગામી અસમિયા કવિ અને રાજકીય નેતાનો જીવનકાળ ઈ. ૧૮૮૦થી ૧૯૭૮. એમના અનુગામી અને એક-નામેરી એવા આપણા આ કવિ એ રીતે રાજકારણ સાથે સંકળાયેલા નથી, પણ પ્રજાની વેદના એ કેવી પારખે છે, એ ઉપરની કવિતામાં વરતાયું હશે. નવકાન્ત બરુઆ, અજિત બરુઆ, હિરેન્દ્રનાથ દત્ત, નિર્મલપ્રભા બરદલૈ, મહિમ બોરા, હરેક્રિશ્ન ડેકા, સૈયદ અબ્દુલ મલિક આદિ કવિઓ આજે આપણે જેમની કવિતા માણીએ છીએ, એ નીલમણિ ફૂકનના સમકાલીનો. એ પૂર્વે, છેક ઈ. ૧૮૮૯માં કલકત્તાથી જેનું પ્રકાશન શરૂ થયું હતું એ ‘જોનાકી’ (‘આગિયો’) સામયિકમાં, ‘ગોલ્ડન ટ્રેઝરી’ એ તત્કાલીન પાઠ્યપુસ્તકમાંની રોમૅન્ટિક અંગ્રેજી કવિતાના પ્રભાવ નીચે લખાતી કવિતાથી આગળ વધી નવકાન્ત, નિર્મલપ્રભા, ફૂકન અને અબ્દુલ મલિકની કવિતા સુધીનું અંતર જે રીતે કપાયું છે, એની સાથેનું આપણા (‘ગોલ્ડન ટ્રેઝરી’વાળી પેઢીના સુકવિ) નરસિંહરાવ દિવેટિયાથી આગળ વધી છેવટે નિરંજન ભગત, ગુલામ મહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, આદિલ મનસૂરી, કમલ વોરા, સૌમ્ય જોષી અને મનીષા જોષી સુધીના કાવ્યપ્રવાસનું સામ્ય જોઈએ ત્યારે સમગ્ર ભારતીય સાહિત્યની છેલ્લાં દોઢસોએક વરસોની સાહસસફરનો એક અંદાજ આવતો જાય.

*

પણ અસમની સંસ્કૃતિની અને એના આ સાર્ધ શતાબ્દીના ઇતિહાસની કથા પોતીકી છે, નિરાલી છે, આપ-ઓળખની જાળવણીની બાબતમાં, ભારતના બીજા પ્રદેશો કરતાં ઘણા મોટા પડકારોનો સામનો કરનારી છે. સિંધ, પંજાબ અને બંગાળની પ્રજાનાં તો વિભાજનો થઈ ચૂક્યાં, પણ અસમની પ્રજાની ઓળખનો સવાલ પણ કારમો બન્યો. એ કેવો કારમો બન્યો એનો થોડોક અંદાજ ગુજરાતી વાચકને સાવ અલગ રીતે આવી શકે : આપણી એક અનોખી (પણ ગુજરાતમાં હવે લગભગ વીસરાઈ ગયેલી) કવિ, અલકા દેસાઈની વાત અહીં એ સંદર્ભે કરું. અલકા આપણા વિખ્યાત અને ઉત્તમ રંગકર્મી, અભિનેતા ઉત્કર્ષ મજમુદારની અને મારી નાની પિતરાઈ બહેન થાય. અલકાના પિતા

ગાંધીમાર્ગી સ્વાતંત્ર્યસેનાની. અલકા દેસાઈ  અસમના વિદ્યાર્થી આંદોલનના ટેકામાં ગુજરાતમાંથી જે વિદ્યાર્થીઓની ટુકડી ઈ. ૧૯૮૩-ના અરસામાં અસમ ગઈ હતી, એની એક કિશોર વયની સદસ્ય હતી. અસમની આપઓળખ અંગેના જે જનસંઘર્ષમાં એણે પૂરો ભાગ લીધો હતો, એ સંઘર્ષ કરનાર સંગઠન, 'અસોમ ગણ પરિષદ'ની સ્થાપના, ૧૯૮૫માં એ જ ગોલાઘાટમાં થઈ હતી, જ્યાં નીલમણિ ફૂકન ૧૯૩૩માં જન્મ્યા હતા. ગુજરાતની કવિ-કર્મશીલ અલકા દેસાઈ તો અસમની એવી થઈ ગઈ કે એણે 'એ.જી.પી.'ના એક અત્યંત તેજસ્વી અને વિશુદ્ધ-ચરિત યુવાનેતા, નગેન શર્મા સાથે લગ્ન કર્યાં. એ યુવક અસમની વિધાનસભાની ચૂંટણી ઉત્તર અસમની નલબારી કન્સ્ટિટ્યુઅન્સીમાંથી જીતી એમ.એલ.એ. બન્યો, પક્ષની સરકાર રચાતાં, એમાં એ યુવક પબ્લિક વર્ક્સ-નો મિનિસ્ટર બન્યો, અને ઉત્તર અસમમાં એણે એવું કામ કરી બતાવ્યું કે ઉગ્રવાદી 'ઉલ્ફા' આતંકીઓને ત્યાં પગ ખોડવા ન દીધા. એટલે નગેન શર્માની હત્યા ફેબ્રુઆરી ૨૦૦૦માં ઉલ્ફાના આતંકીઓએ કરી. અપરાજિતા અલકા દેસાઈ-શર્મા એ જ નલબારી મતદાર વિભાગમાંથી ચૂંટણી લડી, જીતી અને પ્રજા-વાત્સલ્યથી કામ કરતી રહી. અસમનો પોતાની ઓળખ ટકાવવાના ઇતિહાસનો પ્રશ્ન કેવો કારમો, લોહિયાળ, પીડાભર્યો છે, એ ક્યારેક ગુજરાતી કવિ અને અસમની કર્મશીલ નેતા અલકા દેસાઈ-શર્માને 'પરિષદ'માં અને બીજે નિમંત્રીને પૂછવા જેવો છે.

*

એવા સવાલનો એક જવાબ અસમના કવિ સૈયદ અબ્દુલ મલિક (જન્મ ૧૯૧૯ – અવસાન ૨૦૦૦)ની એક કવિતામાં મળે છે. એ જ પેલા ગોલાઘાટમાં જન્મેલા આ કવિ અને સંસ્કૃતિ-મીમાંસક અસમ સાહિત્ય સભાના ૧૯૭૭ના અધિવેશનના ચૂંટાયેલા પ્રમુખ હતા. સાહિત્ય અકાદેમી, દિલ્લી,-ના પુરસ્કારથી અને પદ્મભૂષણ પદવીથી એ વિભૂષિત હતા. એમની એક કવિતાનું શીર્ષક છે, 'સહી' (મૂળમાં 'સોહી', અર્થાત્ 'હસ્તાક્ષર'). એ રચના, અનુવાદે, જોઈએ :

***સહી / સૈયદ અબ્દુલ મલિક***

**માણસજાતની પ્રગતિની હસ્તપ્રત**
**બહુ શામળી છે,**
**લાખ લાખ લોકોએ કરેલી સહીઓના ડાઘ પડેલી;**
**ઊકલી ન શકે એવાં અગણિત નામોની સહીઓવાળી.**

**કેટલાકોએ પોતાનાં આંસુઓથી  ઉતાવળે લખ્યું છે,**
**કેટલાકોની નાલેશીના ડાઘા પડ્યા છે,**
**બીજા થોડાકે ઊને નિસાસે મત્તું માર્યું છે.**

**હજારો વરસોથી એ પોથી આંસુના ખારા દરિયામાં પડી પડી સડે છે.**
**એક વારનાં સોનેરી સપનાં હવે તો નરી પરીકથાઓ બની ગયાં છે.**
**કેટકેટલી અડધેથી અટકેલી કહાણીઓ,**

એક સુરાવટની શોધમાં અટવાતાં ગીતો,
અને અજવાળાંની શોધમાં ખાડે પડેલી આંખો.

હૃદય ભીતરના પવિત્ર ઓરડાને જેની જ્યોત અજવાળી ન શકી, એવા આતમાઓ.
કોઈ ભવિષ્ય સુધી પોતાને ન લઈ શકનારા ભૂતકાળો.
અરમાનો, જે અમથીકાનાં બની ગયાં, પોતપોતાની આપઓળખ ગુમાવી બેઠાં.
હસ્તાક્ષરો, પોતાની જાતને જ છેતરતા, બનાવટી નામ વાપરતા.
. . .
ભલે એ બધું દટાયેલું રહેતું હવે ધૂળના થર તળે
પ્રાચીન હસ્તપ્રતોનાં પોથાંઓમાં.
ભલે વેઠતા એ, ચૂપચાપ, આ સમય જે આપે તે સઘળી યાતનાઓ.
. . .
આજ એક નવા યુગના સૂર્યપ્રકાશની હૂંફ માણતો હું,
લો, આ અહીં સહી કરું છું,
એક નવીનકોર સહી
શાશ્વતીના સાગરનાં જળ ઉપર.

(સૈયદ અહમદ શાહના અંગ્રેજી અનુવાદને આધારે ગુજરાતી અનુવાદ. - સિ.)

-- દેશ આઝાદ થયો એ પછીના ચારેક દશકો સુધી ટકેલી આશાની, ભલે વેદનાથી રસેલી તોયે એક આશાની આબોહવામાં આ આસામી કવિ સૈયદ અબ્દુલ મલિકની આ રચનાની છેલ્લી ચાર પંક્તિઓ લખી શકાઈ છે.

*

આજે પરિસ્થિતિ જુદી દેખાય છે. અસમનિવાસી પણ બંગાળીભાષી એવા હાફિઝ અહમદ જેવા કવિઓ 'મિયાં પોએટ્રી' ('હા, લખી લો, હું મિયો છું', ૨૦૧૬) અસમની આપઓળખની સમસ્યાનું એક પાસું પ્રગટ કરે છે. પ્રત્યાખ્યાન પામ્યાનો, જાકારો સાંભળ્યાનો ભાવ અને એનો ઉગ્ર પ્રત્યાઘાત આ 'મિયાં પોએટ્રી'માં પ્રગટે છે. અસમમાં રહેતા આ કવિઓ બાંગ્લાદેશની એક પ્રાદેશિક બોલીમાં જે રીતે આ કવિતા લખે છે. એની તટસ્થ મીમાંસા કરવી જરૂરી છે. ન પક્ષે, ન વિપક્ષે. એ રીતે 'હા કબૂલ્યું, ગુપ્તચર છું' એ કવિતા ગુજરાતીમાં લખનાર અને સાથે જ 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે' એ અવિસ્મરણીય કવિતા પણ ગુજરાતીમાં લખનાર આદિલ મનસૂરી કરતાં આ 'મિયાં પોએટ્રી' એ રીતે બાંગ્લાદેશી બોલીમાં લખનાર કવિઓ જુદા પડે છે. અસમની આપઓળખની સમસ્યાને એ કવિઓ વાચા આપે છે કે વકરાવે છે, એ અંગે આજે વિવાદ ચાલે છે. ગુજરાતી વાચક એથી કેવળ અજાણ્યો ન રહે, કે ઝડપથી, કોઈના કહ્યે એક કે બીજા પક્ષે પક્ષકાર ન બની બેસે, એ જરૂરી છે, એમ મને લાગે છે. ગુજરાતી કવિતાના પોતીકાં અને સદીઓથી સાચવેલાં એવાં, ભાવ-વિચાર-અભિવ્યક્તિનાં ઊંડાણ કોઈ કાદવથી પુરાઈ ન જાય, એ માટે જરૂરી છે, એમ મને લાગે છે.

ગોહાટીની પેલી ટેકરી પરના પોતાના શાંત ઘરમાં બેઠેલા વયસ્ક કવિ, મારા મિત્ર

નીલમણિ, આ બધું જુએ છે, જાણે છે, સમજે છે, એની મને જાણ છે. દશકોથી, આજ લગી. નીલમણિ ફૂકન સૈયદ અબ્દુલ મલિકના અનુગામી છે અને હાફિઝ અહમદના પુરોગામી છે, માત્ર સમયાનુક્રમે નહીં. એ બન્નેના લોકેશનથી અલગ એવું નીલમણિ ફૂકનનું, એમની કવિતાનું સરનામું છે. એમના ઘરનું સરનામું જાણવું એ એક વાત છે. એમની કવિતાનું સરનામું એમ ઝટ જડી જાય તો એ કવિતા શેની? એ ગોતવા માટે એમના એક બીજા અનુગામી કવિ નીલીમ કુમારના કાવ્યજગતનો પતો લઈ શકાય.

આ લેખનો પૂર્વાર્ધ નીલીમ કુમારની એક રચનાથી કરીએ, નીલમણિ ફૂકનની કવિતાની વાત, રેગે-મલિક-શંખો ઘોષના સંદર્ભે, આવતા અંકે કરવા માટે.

*ભાષા / નીલીમ કુમાર*

**મારે પંખીઓ સાથે ગીતો વિશે વાત કરવી જ જોઈએ, નવી રીતે.**
**સાંજ પણ ખેદ સાથે ફરિયાદ કરે છે, પડછાયાના રસ્તા ન ગમ્યાની.**
**લાગે છે કે બધા જ કૈંક ને કૈંક નારાજ છે.**

**એક પ્રાચીન શોક દરેકની અંદર ઘુસપેઠ કરતો જણાય છે.**
**હા, મને ઉધરસ આવે છે. મેં ગરમ કપડાં પહેર્યાં નથી.**
**ટાઢું ધુમ્મસ અલબત્ત ઊતરતું આવે છે.**
**મારે ધુમ્મસ સાથે શિયાળા વિશે વાત કરવી જ જોઈએ, નવી રીતે.**
**શિયાળો તો જોઈએ જ આપણને.**
**શિયાળામાં જ તો બધા કવિઓના જન્મદિવસો આવે છે.**

**હાલ તો આપણે ઝાઝું કરી ન શકીએ કાંઈ, નવી રીતે.**
**આપણે આપણી ભાષા બદલી ન શકીએ.**
**તમે ત્યાં છો કે નથી, એ મારી ભાષા છે, બલ્કે આપણી વચ્ચેની વાતચીત.**
**ચાલો ને, આપણે એકાબીજાની ભાષાની ફેરબદલી કરી લઈએ.**
**કદાચ જિંદગી પણ એ રીતે બદલાઈ શકશે.**

(અનુ. સિ. નબિના દાસના અંગ્રેજી અનુવાદને આધારે.)

--ખ્યાલ આવ્યો ને, હં? તો સાલ મુબારક, સાથીઓ.

❑